

ચીન સરહદે રોજ રોજ ચૂંટલા ખણે છે,
અને પાકિસ્તાન રોજ રોજ સ્વમાન હણે છે!
સરકાર-સેનાની છે સાઠગાંઠ ખરીદીમાં -
પડોશી પારેવાં સરહદે નિર્ભય ચણે છે..
(સૂની સરહદો)



તરસી પ્રજા -
નર્મદા ના વિકાસે -
ફરે છે પાણી..
(નદી-તળાવ-ડેમો ભરી દેશું!)
- ડફાંસ

કાળા ચહેરે
કર્ણાટકે સત્તાની -
ખેલાય હોળી..
(આક્ષેપ બાજી)

ચિંતન

માતા યદ્દિ વિષં દદ્યા દ્વિક્રીણાતિ પિતા સુતમ્ ।
રાજા હરતિ સર્વસ્વં તમ કા પરિવેદના ? ॥

'જો માતા જાતે જ પોતાના બાળકોને ઝેર આપી દે, પિતા જાતે જ પોતાના સંતાનને વેંચીને અને રાજા જાતે જ પ્રજાને લૂંટતો હોય તો પછી શોકની વેદનાનું વૃત્તાંત કહેવું કોને?'

આજકાલ પરિવારની નામના-આબરૂને કારણે પરિવારના પુત્રી અને તેના પ્રેમીની નિર્મમ હત્યા કરી નાખવામાં આવે છે 'આરૂષિ'કેસમાં પુત્રી પ્રત્યે બે જવાબદાર રહેતાં 'પ્રવૃત્તિમય' જીવન જીવતાં માતાપિતાને જ્યારે પુત્રીને ઘરમાં જ ઘાટી સાથે જોઇ-ત્યારે ઘરમાં ત્રણ-ત્રણ હત્યાઓ થઇ ગઇ..

પિતા પોતાના મોજશોખ અને કાળા ધંધામાં હોય ત્યારે પુત્રને ખોટા લાડ લડાવે પછી 'વિસ્મય'જનક પરિણામ આવે છે.

રાજા ઉદ્યોગપતિઓને રીઝવવા ટેક્ષ ફ્રી સવલતો આપે અને પ્રજા પર વેરા નાખી નાખી નચોવી નાખે આવા અન્યાય સહન કરતી પ્રજા ફરિયાદ કરે તો કોને કરે?

આમ, માતા-પિતા અને રાજા એ જ આંસુ અને આશ્વાસનનું સ્થાન છે પણ એ જ જો દુશ્મન થઇ જાય તો કહેવું કોને?

(સુપ્રીમ હજુ સાંભળે છે અને હવામાં સોટી વિંઝે તો છે બિચારી)!!

સુવિચાર

- એકાંત સમયે મનની ભાવનાઓ શાંત હોય છે ત્યારે બુદ્ધિપૂર્વકના નિર્ણય કરી લ્યો **- વર્ડ્ઝવર્થ**
- માણસ પોતાની રીતભાત, વર્તન અને આચરણથી પોતાનું ભવિષ્ય ઘડે છે **- આરીફ શા**
- જેણે અનેક મુશીબતો વેઠી છે એ અનેક ભાષાના જ્ઞાતા જેવા બની જાય છે, તે બધાને ઓળખી અને સમજી જાય છે **- રેશેસ્તિન**
- સદાચારનો બૂરખો ઓઢીને જ દુરાચાર હંમેશાં છેતરી જાય છે **- જુવેનાલ**
- કોઇ પણ કાર્ય પૂર્ણ કરતા જે લગની લાગે એ જ પુરૂષાર્થની પ્રેરણા આપે છે **- ચિન્મયાનંદ**
- જ્ઞાની માટે જિંદગી એ ઉત્સવ છે **- એમર્સન**
- જ્યાં સત્ય અને પ્રેમ છે ત્યાં ભગવાનનો નિવાસ છે **- રેટીનોસ**

બોધ કથા

આજકાલ નો કિસ્સો છે પત્ની-પતિ વચ્ચે મિલ્કતના લખાણ માટે ખૂન થઇ ગયું, ભાઇ-બહેન વચ્ચે પણ મિલ્કતને કારણે સંબંધો તૂટી જાય છે, ભાઇઓ-મિત્રો અને સંબંધીઓમાં નાણાંકીય-સામાજિક બાબતોમાં ખટરાગ થાય અને સંબંધો તૂટી જાય એ તો હવે રોજિંદુ અને સ્વાભાવિક જેવું થઇ ગયું છે..

જાપાનના સમ્રાટ યામાતો ના રાજયમાં એક નિવૃત્ત વૃદ્ધ મંત્રી રહેતો હતો. એંસી-પંચ્યાસી વર્ષનો હતો પણ તેના પરિવારના બધા જ સદસ્યો સાથે જ, સંયુક્ત પરિવારમાં રહેતા હતા. બધા આખા પરિવારના સભ્યોની સંખ્યા એક હજાર ઉપર હતી.

આશ્ચર્યની વાત તો એ હતી કે આખા પરિવારની એકતા-પ્રેમ અને સંપની વાત આખા નગરમાં ચર્ચાનો વિષય હતો. સમ્રાટ યામાતાના ઘરમાં અને દરબારમાં ખટપટ ખૂબ હતી તેને કાને આ વૃદ્ધ મંત્રી ઓ-ચી-સાનના પરિવારની વાત આવી.

સમ્રાટ અચાનક આ વડીલ ઓ-ચી-સાનને મળવા ગયો અને તેના પરિવારના સુખ-શાંતિ-ઐક્યનું રહસ્ય પૂછ્યું.

ઓ-ચી-સાને કહ્યું, 'સહનશીલતા' મેં મારા પરિવારને ત્યાગ-સ્મર્પણ-ક્ષમા સાથે સૌને 'સહનશીલતા' ના સંસ્કાર આપ્યા છે તેનું આ જ પરિણામ છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

અમારે મન વિધિ ધર્મ નહીં પરંતુ નૈતિક મુલ્યો સાચવવાં એ જ ધર્મ હતો, ઇશ્વરના અસ્તિત્વ - હયાતી વિશે શંકા હોઇ, વિધિધર્મ કરતાં નીતિ ધર્મમાં સવિશેષ શ્રદ્ધા છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

'સર્જક સેતુ'

★ રામાયણના રચયિતા કવિને સોંસરવો પ્રશ્ન : 'કૌંશ વધથી તમો દ્રવી ઉઠ્યા, પરંતુ જ્યારે રામે શંબૂકનો વધ કર્યો ત્યારે તમારી સંવેદના કયાં ગઇ હતી?'

★ મીરાં સંત રવિદાસની શિષ્યા હોવા છતાં મીરાંએ રાધાની પીડા અનુભવી, પણ શુદ્રની પીડા કેમ ન અનુભવી?

ઉપર્યુક્ત નવતર અને સોંસરવા ઉતરતા પ્રશ્નો કરનાર, એટલે દલિત - વંચિતોના મર્મજ્ઞ અને અગ્રેસર એવા ભારતીય વહીવટી સેવાઓમાંથી નિવૃત્ત થયેલ પ્રવીણભાઇ ગઢવી! IAS હોવા છતાં, મોટાઇ કે ગર્વથી સદા દૂર રહ્યા છે, તેવા ખાસ મળવા જેવા અને માણવા જેવા અદનો આદમી, તેમના છેક દલિત કાવ્ય સંગ્રહો જોતાં જણાય છે કે, તેમણે અન્યાય, અત્યાચાર, વર્ણવ્યવસ્થા, ભેદભાદ, ભૂખ, અસ્પૃશ્યતા જેવાં માનવસર્જિત દૂષણો સામે આક્રોશ વ્યક્ત કરતાં કરતા કાવ્યો રચીને સાંપ્રત સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રીત કરી, દલિત સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને સિદ્ધ કરી છે.

ભારતીય પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓને પુરતી સમાતના અને સ્વતંત્રતા નથી, તેમની સામે હંમેશા ભેદભાવ પૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે. તે જ રીતે દલિત-પિડીત, આ અન્યાસ સામે શ્રી પ્રવીણ ગઢવીએ જાણે વિદ્રોહનું બ્યુગલ ફૂક્યું હોય તેમ, તેમણે આક્રોશ - વિદ્રોહને કવિતામાં નિરૂપીને, સામાજિક દૂષણો પર ઘા કરતાં કહ્યું છે કે, એકવીસમી સદીમાં પણ પોતાના સ્વાર્થ ખાતર માણસે દુષ્કૃત્યોનો આશરો ત્યજયો નથી. કન્યા - ભ્રૂણહત્યા, વૃક્ષછેદન, પ્રદૂષણ, ઘોંઘાટ, જ્ઞાતિવાડા રચવા વિગેરેનું અનુઆધુનિક યુગમાં પણ આચરણ ચાલુ છે. કુદરત વિરૂદ્ધનાં આળાં દુષ્કૃત્યો માણસને મૂરખ સાબિત કરવા માટે પૂરતાં છે.

- રૂબર મુલાકાત

તા. ૧૫-૪-૨૦૧૩ - સમય : ૧૦-૩૦ થી ૧૨-૨૦

સાહિત્ય સર્જક : પ્રવીણ કે. ગઢવી IAS

મુલાકાતી : મૂળજી પરમાર 'દધિ'

મૂળજી : નમસ્કાર, મુરબ્બી પ્રવીણભાઇ ગઢવી સાહેબ.

પ્રવીણભાઇ : નમસ્કાર, મૂળજીભાઇ

મૂળજી : આપણે મુલાકાતનાં મંગલાચરણ કરીએ તે પહેલાં સૌ પ્રથમ તો આપનો તાજેતરમાં ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે વરણી કરીને, દલિતોનાં હમદર્દ અને દલિત સાહિત્યનાં ચાહક તરીકે નવાજવામાં આવ્યા તે બદલ, અંતરનાં ઊર્મિભર્યા અભિનંદન સદ, દધિ છલકતી શુભકામનાઓ.

પ્રવીણભાઇ : આભાર, મૂળજીભાઇ

મૂળજી : આપના વિશેની માહિતી આપશો.

જન્મ તારીખ/જન્મ સ્થળ - તા. ૧૩-૫-૧૯૫૧, મુ. મોઢેરા, તા.બેચરાજી, જી. મહેસાણા : માતાપિતાનું નામ : કેશરબા - ખેતસિંહજી ગઢવી

અભ્યાસ : એમ.એ. (ઇંગ્લીશ), બી.એડ.,

વ્યવસાય : IAS, સરકારી નોકરી (નિવૃત્ત)

અભિરૂચિ : સાહિત્ય, વન્યજીવન અને રાજયશાસ્ત્રમાં

મૂળજી : આપને સાહિત્યનું ઘેલું કઇ રીતે લાગ્યું?

પ્રવીણભાઇ : બાપુજી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક. તેઓ ચારણી સાહિત્યનાં હિમાયતી અને વિદ્વાન. ચારણી સાહિત્યના વિદ્વાન કવિઓનાં જીવન કથનનાં ઊંડા ઉભ્યાસુ. કેટલાંય પુસ્તકો, ગ્રંથો ખરીદી લાવે આમ તેઓ આખી જિંદગી સાહિત્યમાં વ્યસ્ત રહ્યા. આમા મારો જન્મ પુસ્તકો વચ્ચે જ થયો.

ધોરણ-૪માં ગીજુભાઇ બધેકાની 'ગલબા શિયાળનાં પરાક્રમો' બુક વાંચી ત્યારથી વાંચવાનો શોખ જાગ્યો અને રસ પડ્યો. ભણવા સાથે વગડામાં રખડવું અને વાંચવું એ એક આદત થઇ ગઇ.

મૂળજી : સૌ પ્રથમ લખવાની પ્રેરણા કયારે થઇ?

પ્રવીણભાઇ : પ્રવીણભાઇ : બાપુજી 'ચારણ બંધુ' ના તંત્રી. તેમનું નામ અવારનવાર વાંચતો. મને પણ નામ છપાવવાની દોલશા જાગી! મિત્રો છેલશંકર જોષી અને ચંદ્રકાન્ત ઠાકર પણ સાહિત્યના શોખીન. ચંદ્રકાન્ત ઠાકરે તુલ્લા લખેલા, જે 'રંગતરંગ'માં છવાયેલા, આ જોઇ મને પણ એની જેન નામ છપાવાની મહત્ત્વાકાંક્ષા જાગી. મેં કવિતાઓ લખવાની શરૂઆત કરી. નવલરામનું કાવ્ય 'પશુઓની જાન' ઉપરથી મેં 'વનસ્પતિની જાન' કાવ્ય બનાવ્યું જે ચંદ્રકાન્ત ઠાકરે મઠાર્યું અને તે 'બાલમિત્ર' માં મોકલ્યું જે છપાયું. મારૂં નામ આવતાં બાપુજી ખૂબ જ ખુશ થયા અને હું કવિ બની ગયો. અમે ત્રણેય મિત્રોએ નવરશ્મિ નામે હસ્તલિખિત સામયિક શરૂ કર્યું.

મૂળજી : આપના સાહિત્ય સર્જનનું પરિબળ અને પ્રેરણાબળ કયું છે? આપના પ્રેરણામૂર્તિ કોણ છે?

પ્રવીણભાઇ : પરિબળ અને પ્રેરકબળ અને પ્રેરણામૂર્તિ એ સૌ પ્રથમ પિતાજી; ત્યારબાદ રાષ્ટ્રીય શાયર મેઘાણી પ્રેરણામૂર્તિ. બાપુજી અને મેઘાણી એ એટલે પિતાજી પછી વધુ લેખન માટે તેઓ મારા પ્રેરણામૂર્તિ બન્યા.

મૂળજી : આપે સાહિત્ય સર્જન કયારથી શરૂ કર્યું અને આપની પ્રથમ કૃતિ અને પ્રથમ પુસ્તક કયું?

પ્રવીણભાઇ : સને ૧૯૬૪-૬૫માં સાહિત્ય સર્જનની શરૂઆત કરી. પ્રથમ કૃતિ વનસ્પતિની જાન કાવ્ય અને મારૂં પ્રથમ પુસ્તક કોલેજમાં આવ્યો ત્યારે સૂરજ પંખી વાર્તા સંગ્રહ બહાર પડ્યો.

મૂળજી : આપ સર્જનાત્મક સાહિત્યમાં માનો છો કે, આધ્યાત્મિક સાહિત્ય સર્જનમાં, શા માટે? **પ્રવીણભાઇ :** આનંદ અને સંદેશ આપતા સાહિત્યમાં રસ અને રૂચિને કારણે સર્જનાત્મક સાહિત્યમાં માણું છું. પિતાશ્રી નૈતિક ધર્મમાં માનતા - તેઓ રેસનાલીસ્ટ હોઇ પૂજા-પાઠ, ભૂવા-ધતિંગમાં - અરે ઇશ્વરમાં પણ માને નહીં. આમ ક્રિયાકાંડ અને ટીલાં-ટપકાંના ધર્મથી પર હતા. અમારે મન વિધિ ધર્મ નહીં પરંતુ નૈતિક મુલ્યો સાચવવાં એ જ ધર્મ હતો. ઇશ્વરના અસ્તિત્વ - હયાતી વિશે શંકા હોઇ, વિધિધર્મ કરતાં નીતિ ધર્મમાં સવિશેષ શ્રદ્ધા છે.

મૂળજી : આધુનિક સાહિત્ય વિષે આપશ્રીનું શું મંતવ્ય છે?

પ્રવીણભાઇ : એક જમાનામાં સાહિત્યમાં 'મહાકાવ્ય' એ મુખ્ય સ્વરૂપ હતું. અગાઉ છંદનો જમાનો હતો, હવે અછાંદશ રચનાઓ વધુ પસંદ કરાય છે. આમ પદાર્થ એકનો એક રહે છે, જયારે તેનાં સ્વરૂપો બદલાતાં રહે છે.

મૂળજી : ગઇ કાલનું સાહિત્ય એ આધુનિક સાહિત્ય અને આજનું લેટેસ્ટ સાહિત્ય એ અનુઆધુનિક પરંતુ, સમયાંતરે સ્વરૂપો બદલાતાં રહે છે. તેમાંથી વિષયવસ્તુ એટલે કે સાહિત્ય પદાર્થ એકનો એક જ હોય છે.

પ્રવીણભાઇ : સામયિકો બાબતોમાં ગુજરાતમાં સખત દુકાળ છે. પશ્ચિમ બંગાળમાં માત્ર કવિતાનાં જ લગભગ-૫૦૦. મેગેઝીન્સ બહાર પડે છે. હાલમાં સામયિકો સભ્ય પ્રમાણે બદલાતાં નથી, સમયની માંગને અનુરૂપ સામયિકો બદલાય તો, નાગરિકોની રૂચિ સંતોષાય તેવું મારૂં માનવુંછે.

મૂળજી : આપશ્રીનાં પ્રિય સામયિકો કયાં છે?

૨ હયાતી, દલિત ચેતના, શબ્દસર, તાદ્દર્થ્ય, કવિલોક તે સવિચાનાં નિરીક્ષક, નયા માર્ગ, દલિત અધિકારનો પણ સમાવેશ કરી શકાશે.

મૂળજી : ગુજરાતી સાહિત્યની પરિસ્થિતિ વિષે આપનું મંતવ્ય જણાવશો?

૨ ગુજરાતી સાહિત્ય રાષ્ટ્રીય પ્રવાહથી અલગ પડી ગયું છે. સામાજિક પ્રતિબદ્ધતા પ્રત્યે આંખો મીંચી દીધી છે. ગીત-ગઝલનું બીબાંઢાળ લખાણ થાય છે આમ હિન્દી સાહિત્ય જેવી દૃષ્ટિ નથી.

મૂળજી : સાહિત્યમાં પ્રતિબદ્ધતા બાબતે આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

૨ આદિકાળથી આ બે પ્રવાહો વહ્યા કરે છે - સૌંદર્ય રાગી અને પ્રતિબદ્ધ, એક વ્યક્તિ કેન્દ્રી અને બીજો સમાજ કેન્દ્રી. વાલ્મિકી, વ્યાસ અને કાલીદાસ - રવીન્દ્રનાથ, ચોસર અને શેક્સપિયર, ગાલિબ અને ઇકબાલ ફૈઝ - બંને સમાંતર અને સ્વીકાર્ય. રામાયણ અને મહાભારત એ ખાસ ઉદ્દેશથી લખાયેલ છે. આપણું પ્રાચીન સાહિત્ય પ્રતિબદ્ધ સાહિત્ય છે, કારણ કે તેમાં કંઇક મેસેજ છે. કવિ કાલિદાસે આનંદ માટે સાહિત્ય રચ્યું. ગાલીબનું સાહિત્ય પણ આનંદ માટેનું છે. આદિકાળથી આનંદ માટે સાહિત્ય લખાતું આવ્યું છે. આ આનંદ માટે લખાયેલ સાહિત્યમાં જો કોઇ મેસેજ છપાયેલ હોય તો, તેમાં કંઇ ખોટું પણ નથી. વ્યક્તિ કેન્દ્રીય અને સમાજ કેન્દ્રીય સાહિત્ય હોય. કાવ્યમાં પ્રણય, પ્રકૃતિ અને સમાજ કેન્દ્રિય સાહિત્ય હોય. કાવ્યમાં પ્રણય પ્રકૃતિ અને પ્રભુ વિષયો સામાન્ય છે, પરંતુ ૧૭-૧૮મી સદીથી સમાજ - પ્રજા વિષય ઉમેરાયો. જૂનું સાહિત્ય પ્રતિબદ્ધ સાહિત્ય છે જ. સાહિત્ય સામાજિક પ્રતિબદ્ધતા હોય તે આવકાર્ય છે. **(ક્રમશઃ)**

સ્ત્રી પિયરમાં સ્નાન કરે, પાથરેલા વસ્ત્ર પર પગલાં પાડી ચાલે અને પૂજન માટે બેસે, આ વિધિ હવે એ માતા બનવાની છે, આદર પાત્ર છે તે દર્શાવવા કરાય છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

ગયા અંકમાં સંસ્કારોની પ્રાથમિક જાણકારી મેળવી હવે દરેક સંસ્કાર અંગે વિગતે જોઈએ.

● ગર્ભાધાન સંસ્કાર

આ એક અતિ મહત્ત્વનો તથા વેદકાલીન સંસ્કાર છે. અત્યારના સમયમાં આ સંસ્કાર તદ્દન નામશેષ થઈ ગયો છે. મધુ રજનીનાં લોભામણા નામે યુવાનોને તદ્દન બેહુદિ થતા નકામી વાતો સમજાવવામાં આવે છે. કામ - વાસનાથી પ્રેરાઈ સ્ત્રીના દેહને પ્રથમ રાત્રિમાં જ ભોગવી લેવાની ઘેલછા પ્રબળ પણે વ્યાપક છે. માનવ મનની દુર્બળતાથી ઋષિઓ અજાણ્યા નહતા. એટલે કામ-ભોગ માટેના કેટલાક નિયમો ઘડ્યા છે. સ્ત્રીએ ભોગ્યા નથી પણ પૂજ્યા છે તેવું ભાવના પતિના મનમાં જાગે તે માટે ગર્ભાધાન સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ તો આવનાર બાળક વિકૃત કે મંદબુદ્ધિનું ન થાય તે જોવાનો હતો.

સમાર્વતન સંસ્કારના અંતે ગુરૂ શિષ્યને દિક્ષાત પ્રવચન આપતા કહેતા. 'પ્રજાતંતુ મા અવચ્છેત્સી' તથા પુત્રેણ લોકા જયતિ' એટલે કે પ્રજાતંતુનો ઉચ્છેદ ન કરતો. પુત્રથી જ પિતા ઋણ મુક્ત થાય છે. તારૂં આ ગૃહસ્થ જીવન આનંદથી ભોગવે જ. પણ ગર્ભાધાન માટે શુદ્ધતા જાળવજે. અને આ શુદ્ધતા કઈ કઈ બાબતમાં જાળવવી તે સમજાવતાં કહે છે. પ્રથમ તો અન્નની શુદ્ધતા જાળવજે. સ્મૃતિ ગ્રંથોમાં પણ જણાવાયું છે કે પત્નીના રજોદર્શનના સમયથી દંપત્તિએ સાદું, પવિત્ર, તથા પૌષ્ટિક ભોજન લેવું. અન્નનું સૂક્ષ્મતમ તત્વ જ વીર્યમાં પલટાય છે. જો અન્ન અપવિત્ર હોય તો વીર્ય પણ પ્રદૂષિત થાય. પરિણામે કુળનાં પરંપરાગત સંસ્કારોને બદલે સંતાન જુદા સંસ્કારો દર્શાવે. લગ્ન એ ભોગ ભોગવવાનો કાયમી પરવાનો નથી. સ્ત્રી સંગ માટે શ્રુતિમાં સ્પષ્ટ, મર્યાદા બાંધવામાં આવી છે. સ્ત્રી સંગ તેના ઋતુકાળ દરમિયાન જ કરવા તેવું શાસ્ત્રનું વચન છે. રજોદર્સનના દિવસથી લઈ તે પછીની સોળ રાત્રીનો સમય ઋતુકાળ ગણાય છે. આમાં પ્રથમ પાંચ રાત્રી તથા ચૌથ - અગિયારસ અને અમાસની રાત્રી નિષિધ્ધ છે. બાકીના સમયમાં પણ જો દંપત્તિ પુત્ર ઈચ્છતા હોય તો બેકી - રાત્રીએ અને પુત્રી ઈચ્ચતા હોય તો એકી રાત્રી એ અભિગમન કરવું. સોળ રાત્રી પછી બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.

ગર્ભાધાન એ માત્ર રતિક્રિડા નથી. પણ સંસ્કાર વિધિ છે. આ સંસ્કાર પતિએ જ કરવાનાં હોય છે. તેની પૂર્વભૂમિકા પ્રથમ રચાવી જોઈએ. પાંચમા દિવસે સ્ત્રી બાહ્ય શુદ્ધિ પામે છે. સંસ્કાર - વિધિ પછી આંતરિક શુદ્ધ થાય છે. આ માટે દંપત્તિએ પ્રાતઃકાળમાં મંગળ - સ્નાન કરીને દેવ-પૂજન કરવાનું હોય છે. આ વખતે બોલતો મંત્ર - વિષ્નુ તમારા ગર્ભાશયને યોગ્ય પ્રમાણમાં નિર્માણ કરે... ત્વષ્ટા દેવ તમારૂં રૂપ નિખારે. પ્રજાપતિ બીજ વયન કરે તથા અશ્વિનીકુમારો તમારૂં સ્વાસ્થ્ય સાચવે.' દેવપૂજન પછી આદિત્ય - દર્શન કરવાનું હોય છે. ત્યાં 'ૐ આદિત્ય ગર્મ પયસા સમડિય સહસ્ત્રસ્ય પ્રતિમા વિશ્વરૂપમ । મંત્ર બોલી આવનાર સંતાન પ્રખર તથા બુદ્ધિમાન થાય તેવી ભાવના કરવાની હોય છે. સૂર્યનું બરાબર અવલોકન કરવાનું જણાવાયું છે. તે પછી ગર્ભાધાન સંસ્કારમાં 'નાભિ દેશાભિમર્ષણમ્'' અભિગમન, તથા હૃદયાલંબન

આ ત્રણ ક્રિયાઓ જે રાત્રીએ ગર્ભાધાન સંસ્કાર કરવાના હોય તે દિવસે સ્ત્રીને પરમ આનંદમાં રાખવી. તેના મનમાં ડર, ભય, કે શોકનો ભય ન જન્મે. તેની લાગણી ન દુભાય તેનું ધ્યાન રાખવું ગર્ભાધાન સમયે સ્ત્રીનું મન જે ભાવો અનુભવતું હોય તેવી પ્રભળ છાપ સંતાનના મન પર પડે છે. યાજ્ઞવલ્ક્ય - સ્મૃતિ પ્રમાણે સાયંકાળે પતિએ પત્નીને ખીર જમાડવી. રાત્રીના પ્રથમ પહરિના અંતે પતિએ પત્નીએ પોતાની શૈયા પર આવવા આમંત્રણ આપવું. પત્ની આમંત્રણ સ્વીકારે તો તેને માનપૂર્વક બેસાડી કહેવું, 'તમો મારા ધર્મપત્ની છો, હું તમારા ગૃહસ્વામી છું. આપણે સંગઠિત થઈ કુટુંબ વિસ્તારનાં કર્મમાં પ્રવૃત્ત થઈએ. પ્રેમોચ્ચાર - મીઠઆ વચનોથી શાતા પમાડી આ એક મંગલ ક્રિયા છે તેવો ભાવ જગાડી રતિ-ક્રિડા કરવી.'

રતિ - ક્રિડાને આપણા ઋષિઓએ યજ્ઞની ઉપમા આવી છે. સ્ત્રીનો દેહ એ વાસનાપૂર્તિનું સાધન નથી પણ એક યજ્ઞકુંડ છે. યજુર્વેદમાં સ્ત્રીને અગ્નિરૂપા કહી છે. બૃહદ આરણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે, 'હે ગૌતમ, સ્ત્રીનો દેહ યજ્ઞની વેદી છે. યોનિ જવાળા છે. સહવાસ અંગારા છે. આનંદ ચીનગારી છે. આ યજ્ઞમાં પુરૂષ પોતાના વીર્યની આહુતિ આપી છે. આ યજ્ઞનું ફળ કતો વાજપેય યજ્ઞ સમાન છે.' (બૃ.આ.ઉ. ૬. ૫-૩)

જે પુરૂષ કામ-વાસનાને કારણે વારંવાર સ્ત્રી ભોગ કરે છે તેનું પુન્ય નાશ પામે છે. શરીર ક્ષીણ થાય છે.

નોંધ :-

ગર્ભાધાન અંગેના મંત્રો જાણવા ઇચ્છનારે બીલખા પ્રકાશન 'શ્રી નૈમિતિલક કર્મ પ્રકાશ' ગ્રંથ જોવો...

● પુસંવન સંસ્કાર

ગર્ભ-ધારણ થયા પછી આ સંસ્કાર કરવામાં આવે છે. તેની પાછળનો હેતુ સંતાન પુત્ર થાય તેવો છે. પ્રમાન પ્રસૂયતે યેન કર્મણ તત પુસવાનમિરતમ્ આ માટેના મંત્રો અર્થવવેદમાં છે. મનુ, યાજ્ઞ વલક્ય તથા અન્ય ઋષિઓ ગર્ભ ગતિશીલ થાય તે પહેલાં આ સંસ્કાર કરવાનું સૂચવે છે. આ માટે ગર્ભ રહ્યા પછી તો બીજો માસ નક્કી કરાયો છે. તેમાં મંત્રોચ્ચાર સાથે વડલાની આંતર - છાલને ખાંડી - તેના રસનું ટીપું ગર્ભિણી સ્ત્રીના જમણા નસ્કોરામાં નાખવામાં આવે છે. આમાં વડલાની કુંપળ લેવી તેવો પણ ઉલ્લેખ છે. તો સફેદ ફૂલવાણી - ભોંય રિંગણી - પણ કહેવાઈ છે. ત્યારબાદ સ્ત્રીના ખોળામાં જળ - ભરેલ પાત્ર મુકાય છે અને પ્રાર્થના કરાય છે. ગર્ભનું બાળક સલામત રહે ને તે વીર પુત્ર બને તેવી ભાવના છે.

આજકાલ કેટલાક નિષ્ણાંત વૈદ્યો પણ પૂંસવન વિધિ કરાવે છે. તેમાં ચોક્કસ ઔષધીનું સતત સેવન કરવાનું હોય છે. ગર્ભની જાતિ બદલાઈ કે કેમ તે એક પ્રશ્ન છે. વિજ્ઞાન તો બાળકની જાતિને આધાર માતા-પિતાના રંત્ર સૂત્રો મીલન પર છે તેવું જણાવે છે. સમાન કે અસમાન (XY/Y) સૂત્રોનાં મીલન વખતે જ જાતિ નક્કી થઈ જાય છે. પૂંસવનથી જાતિનું ચોક્કસ પરિવર્તન થયું છે તેવા તથ્યની વૈજ્ઞાનિક ચકાસણી થઈ નથી. જાણકાર વૈદ્યો આ બાબતમાં પ્રકાશ પાડી શકે.

● સીમતોન્નયન સંસ્કાર (સિંમત-અધરણી - ખોળો ભરવો)

આ સંસ્કાર લગભગ તમામ જાતિમાં કરવામાં આવે છે. હાલમાં તેમાં શાસ્ત્રીયતા કરતાં રૂઢિ - રિવાજોનું વધારે મહત્ત્વ છે. દરેક જ્ઞાતિને પોતાના આગવા રીત-રિવાજો હોય છે. આ સંસ્કારમાં સ્ત્રીના વાળ પર લક્ષ્ય રખાય છે કારણ કે પ્રાચીન સમયમાં એવી માન્યતા હતી કે દુષ્ટ તત્વો વાળ દ્વારા શરીરમાં પ્રવેશ પામી સંતાનનો નાશ કરશે. એટલે માતા તથા સંતાનના રક્ષણ માટે દીર્ઘાયુષ્ય માટે આ મહત્ત્વના સંસ્કાર છે. આ સંસ્કાર સમયે ગર્ભમાંના બાળકનું માનસિક ઘડતર પૂર્ણ થઈ ગયું હોય છે. એટલે કે બાહ્ય આઘાત - દ્રવ્યઘાત ઝીલતું થઈ જાય છે.

ગુહ્ય સૂત્રો અનુસાર ગર્ભના પાંચમા મહિને તો પારસ્કર - મુનિના મત પ્રમાણે છઠા પછીના મહિનામાં આ સંસ્કાર કરવામાં આવે છે. વાર તીથિ તથા ગ્રહો જોઈ મુર્હૂત કાઢવામાં આવે છે. તે દિવસે સ્ત્રી ઉપવાસ કરે છે. અગ્નિ - સ્થાપન માતૃપૂજા નાન્દિ શ્રાધ્ધ ઈત્યાદિ વિધિ કરાય છે. સીંમતના અગ્નિને 'મંગલા' કહેવાય છે. વેદી પર ધીમી ધારા કરાય છે ને પછી ૐ પ્રજાપતયે સ્વાહા । ૐ ઈન્દ્રાય સ્વાહા । ૐ અગ્નેય સ્વાહા । ૐ સોમાય સ્વાહા । બોલી ચાર આહુતિ ઘીની અપાય છે. આ ઉપરાંત મગ-તલ ને ચોખાનો ચંદ્ર કરીને પણ ચાર આહુતિ અપાય છે.

ગર્ભવતી સ્ત્રીનો પતિ 'ઉદ્મ્બરમ્' વૃક્ષના બે કાચાં ફળ ને ત્રણ દર્ભના પવિત્રાને સાથે લઈ, ગુચ્છ બનાવી, સ્ત્રીના માથા પર સેંથીની જગા પર ફેરવે છે. ત્રણ વખત ગુચ્છ ફેરવે છે. ત્યારે ૐ મૂર્વિનયામિ, ૐ મુવર્વિનયામી તથા ૐ સ્વર્વિનયામિ ' મંત્ર બોલી એ ગુચ્છ ગર્ભવતીના ચોટલાં સાથે બાંધે છે. ઉમરાનાં ફળથી બાળકની તંદુરસ્તી વધે તેમ જણાય છે. કેટલીક જ્ઞાતિમાં પાંચ માસે રાખડી બાંધવાનો રિવાજ છે તો કેટલાંકમાં સિંમત વખથે જ રાખડી બંધાય છે. સ્ત્રી પિયરમાં સ્નાન કરે. પાથરેલા વસ્ત્ર પર પગલાં પાડી ચાલે અને પૂજન માટે બેસે. આ વિધિ હવે એ માતા બનવાની છે. આદર પાત્ર છે તે દર્શાવવા કરાય છે. આ ઉપરાંત જમણી કેડે નાના બાળકને તેડવું, કુબેર હાથમાં રાખવી - પોરા ભરવા - અને પોંખણ આદિ ક્રિયાઓ પણ થાય છે. ખોળો ભરવામાં પણ માપ પ્રમાણે ચોખા, એક રૂપિયો સાત પૈસા - સાત સોપારી, કમર કાકડી, ઈત્યાદિ વાંસના સૂપડામાં મુકી સ્ત્રીનાં ખોળામાં પાંચ વાર મુકવામાં આવે છે. દિયર ભાભીનાં ગાલ પીળા કરે છે.

આ વિધિ સ્ત્રીનું મન આનંદમાં રહે. સાત વારમાંથી ગમે ત્યારે પ્રસવ થાય તે સૂચવે છે સીંમત પછી સ્ત્રી પિયર જાય છે. બ્રહ્મચર્ય પળાતાં શક્તિ સંચય થાય છે. વળી વિયોગમાં પતિ સ્મરણ વધારે થાય - પતિના ગુણોનું જ ચિંતન થાય પરિણામે સ્વરૂપ બાળકના મન પર એ ગુણોની છાપ પડે. બાળક પિતાના ગુણો ધરાવતું થાય છે. **(ચાલુ)**

...મારૂં નસીબ તો ફૂટેલું છે, નાની હતી ને મા મરી ગઈ, જુવાન બાપ નવી મા લઈ આવ્યો

ભાગી છૂટેલા સં-વેદના

- જય ગજ્જર

રાઘવની પીઠ પર સડસડાટ ચાબુક ફટકારતાં પ્રહલ્લાદજી માસ્તર તાડૂક્યા, 'ભમીશ નહીં તો તારા બાપની જેમ ખેતરમાં ડોબા ચારી પેટ ભરવાનો છે.'

રાઘવે ઉશ્કેરાઇને એના સાહેબને સામો જવાબ આપ્યો, 'પેટ ભરવા ખાવા માટે ગમે તે કરીશ પણ તમારા ચાબખા ખાવાનો નથી, ગુરૂજી!' કહેતા ગુસ્સો કરી રાઘવ વર્ગની બહાર ચાલી નીકળ્યો. એકાએક એની નજર હેડમાસ્ટર ટેબલ પર પડી. ટેબલ પર સહીના ખડિયા નીચે સો સોની બે નોટો જોતાં એ નોટો ઝડપથી ઉપાડી થીગડાાળા એના લેઘાના એક ખિસ્સામાં સરકાવી દીદઇ અને દોટ મૂકીને ભાગ્યો.

'કયાં જવું એ નક્કી નહોતું, એટલે ગામને પાદરે મહાદેવના મંદિરે શ્વાસ લેવા થોડી વાર ઊભો રહી ગયો. દૂર નજર જતાં એના બાપને ભેંસો ચારતો જોયો. બાપને માટે પ્રેમ હતો એટલે માન હતું. પણ બાપ રાજારામ એને પરાણે સ્કૂલે ભણતા મોકલતા એ નહોતું ગમતું. બાપ સામે એણે એક પ્રેમભરી નજર નાખી. એને ભણાવી મોટો સા'બ બનાવવાનો બાપનો આશય સમજાતાં દૂરથી 'રામ... રામ...' કર્યા.

એ જ વખતે દૂરથી આવતી ટ્રેનનો અવાજ કાને પડ્યો. કંઇ જ વિચાર્યા વિના એ સ્ટેશન ભણી દોડ્યો. ટ્રેન સ્ટેશને આવી પહોંચતાં એ વધુ વિચાર્યા વિના અંદર ચઢી એક ખાલી સીટ પર બેસી ગયો. આજુબાજુ નજર ફેરવી. બહુ ઓછા મુસાફરો હતા. બરાબર સામેની સીટ પર નજર પડતાં લગભગ એના જ ઉંમરની એક સ્ત્રી સાડલાના છેડે મુખ છુપાવી રડતી હતી. રાઘવે હિંમત કરી પૂછ્યું, 'બહેન, રડો છો કેમ?'

'તમે જાણીને શું કરશો? મને દુઃખનાં દરિયામાં બહાર કાઢી શકશો?'

એ શબ્દો સાંભળી આઘાત સાથે વિચારવા લાગ્યો, 'બિચારી મારી જેમ કદાચ કોઇ કપરા સંજોગોનો ભોગ બની હશે.'

'ખાતરી તો ન આપી શકું. પણ સમદુઃખિયા હોઇ કદાચ કોઇ માર્ગ નીકળશે ખરો!' રાઘવે એની પાસેની સીટ પર બેસી જઇ બહુ નમ્ર ભાવે કહ્યું.

'કયાં જવું એની મને પણ કંઇ ખબર નથી. ચાલો એકથી બે ભલા! મારી કંપની તમને ગમશે?'

'ડૂબતો માણસ તરણું પકડે! આમ તો ફૂટડા યુવાન લાગો છો! પણ મારો સાથ તમને ગમશે?'

'તમારી વ્યથા વદન પરથી છુપાઇ રહેતી નથી. ગરીબીથી કે મારી જેમ ઘરમાં સ્વજનોથી કંટાળ્યાં છો?'

'ઓરમાન માએ જીવન કપરૂં કરી દીધું છે. ગામના નગરશેઠનો છોકરો મારે સાથ ઝંખતો હતો પણ એ મને કોઇ કાયમી સુખ નહોતો આપવાનો. એનો આશય હું જાણી ગઇ હતી.'

'કેવી રીતે?'

'ભગવાને સ્ત્રીને હાલાકી સાથે ગજબની શક્તિ આપી છે. પહેલી જ નજરે એ પુરૂષના મનને પામી જાય છે!'

(અનુસંધાન પાના નં. ૬ પર)